# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભવિષ્યની ટૅક્નોલૉજીમાં દિકરીઓ માટે સમાન તક સુનિશ્ચિત કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.**
2. **વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ઘટાડવા સંવાદ અને રાજદ્વારીનો માર્ગ અપનાવવા પર ભાર આપ્યો.**
3. **પશ્ચિમ એશિયાની સ્થિતિ પર ચર્ચાની માગ અંગે વિરોધ પક્ષના દળોના હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત.**
4. **લોકસભામાં નાણામંત્રીએ કહ્યું, સરકારે ફૂગાવાને કાબૂમાં રાખવા રાજકોષીય, વેપાર નીતિ અને વહીવટી પગલાં લીધા.**
5. **F.I.H. વિશ્વકપ મહિલા હૉકી ક્વાલિફાયરના પૂલ બી-માં ભારત અને સ્કોટલૅન્ડ વચ્ચે હૈદરાબાદમાં મુકાબલો.**

………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતનું આરોગ્ય માળખું વધુ મજબૂત બન્યું છે. “સૌનો સાથ સૌનો વિકાસ – લોકોની આકાંક્ષાઓની પરિપૂર્ણતા”ના વિષયવસ્તુ હેઠળ અંદાજપત્ર પછીના વૅબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, લોકોની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવી એ માત્ર ચર્ચાનો વિષય નહીં, પણ તે અંદાજપત્રનો આધાર અને સરકારની પ્રતિબદ્ધતા છે.

પ્રધાનમંત્રીએ ભવિષ્યની ટૅક્નોલૉજીમાં દિકરીઓ માટે સમાન તક સુનિશ્ચિત કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) STEM

શ્રી મોદીએ આયુષ્માન ભારત યોજના અને આરોગ્ય મંદિરના માધ્યમથી સમગ્ર દેશના ગામડાઓમાં આરોગ્ય સેવાઓનું વિસ્તરણ થઈ રહ્યું હોવાનું પણ ઉંમેર્યું.

# PM PRADHAN ARTICLE

પ્રધાનમંત્રીએ કહ્યું, વિજ્ઞાન, ટૅક્નોલૉજી, ગણિત, શિક્ષણ, સંશોધન અને નવિનતામાં મહિલાઓની વધતી ભાગીદારીથી, ભારતનું વિકસિત રાષ્ટ્ર બનવાનું સ્વપ્ન સાકાર થશે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના એક લેખ પર પ્રતિક્રિયા આપતા કહ્યું, ભારતની વિકાસ ગાથા હવે મહિલા-પ્રધાન વિકાસ તરફ આગળ વધી રહી છે.

શ્રી પ્રધાને તેમના લેખમાં, ભારતની મહિલાઓ હવે અર્થવ્યવસ્થાની અગ્રણી બનવા તૈયાર હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓનો ઉદ્દેશ વૈશ્વિક અર્થવ્યવસ્થાના ભવિષ્યને આકાર આપે તેવા ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધારવાનો છે.

# LS JAISHANKAR WEST ASIA

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ઘટાડવા સંવાદ અને રાજદ્વારીનો માર્ગ અપનાવવા પર ભાર આપ્યો. પશ્ચિમ એશિયાની સ્થિતિ પર લોકસભામાં નિવેદન આપતા શ્રી જયશંકરે કહ્યું, સરકારે ગયા મહિનાની 20 તારીખે સ્થિતિની ઊંડી ચિંતા વ્યક્ત કરતા એક નિવેદન જાહેર કર્યું હતું અને તમામ પક્ષને સંયમ રાખવા આગ્રહ કર્યો હતો.

(BYTE: DR. S. JAISHANKAR, FOREIGN MINISTER)

વિદેશ મંત્રીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તમામ ઘટનાક્રમ પર સતત નજર રાખી રહ્યા છે અને સંબંધિત મંત્રાલય અસરકારક પ્રતિક્રિયા સુનિશ્ચિત કરવા સંકલન કરી રહ્યા છે.

ડૉક્ટર જયશંકરે કહ્યું, આ સંઘર્ષ ભારત માટે વિશેષ ચિંતાનો વિષય છે. કારણ કે, આ એક પાડોશી ક્ષેત્ર છે. વિદેશ મંત્રાલયે સ્થિતિ પર નજર રાખવા અને પ્રશ્નોના જવાબ આપવા એક વિશેષ નિયંત્રણ કક્ષ બનાવ્યો છે. ગઈકાલ સુધી 67 હજાર ભારતીય નાગરિક સ્વદેશ પરત આવ્યા હોવાનું પણ શ્રી જયશંકરે ઉંમેર્યું.

# EVE LS ADJOURN

પશ્ચિમ એશિયાની સ્થિતિ પર ચર્ચાની માગ અંગે વિરોધ પક્ષના દળોના હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી આજે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી. બપોરે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે લોકસભાના પ્રિસાઇડિંગ ઑફિસર જગદમ્બિકા પાલે કોંગ્રેસના સભ્ય મોહમ્મદ જાવેદને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવા સંબંધિત પ્રસ્તાવ રજૂ કરવા કહ્યું હતું, પરંતુ કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, DMK, સમાજવાદી પાર્ટી અને અન્ય દળના સભ્યો પશ્ચિમ એશિયાની સ્થિતિ પર ચર્ચાની માગ સાથે ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા.

શ્રી પાલે કહ્યું, વિદેશમંત્રી ડૉક્ટર એસ. જયશંકર શૂન્યકાળમાં પશ્ચિમ એશિયાની સ્થિતિ પર પહેલા જ નિવેદન આપી ચૂક્યા છે. તેમણે આ વિક્ષેપથી સરકારી નાણાના વ્યય અંગે ચિંતા પણ વ્યક્ત કરી હતી.

(BYTE: JAGDAMBIKA PAL, PRESIDING OFFICER)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV RS DISCUSSION ENVIRONMENT

રાજ્યસભામાં આજે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના કામકાજ અંગે ચર્ચા કરવામાં આવી. ભાજપના ઘનશ્યામ તિવારીએ ચર્ચાનો પ્રારંભ કરતા કહ્યું, પ્રાચીન કાળથી ભારતની સંસ્કૃતિ પ્રકૃતિ અને પર્યાવરણ સાથે જોડાયેલી રહી છે. તેમણે વન આવરણ વધારવા સહિત પર્યાવરણ સંરક્ષણ માટે સરકાર દ્વારા કરાયેલા પ્રયાસની પણ પ્રશંસા કરી.

(BYTE: GHANSHYAM TIWARI)

# RS NADDA

રાજ્યસભામાં ગૃહના નેતા જે. પી. નડ્ડાએ પશ્ચિમ એશિયા સંઘર્ષ અંગે વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરના નિવેદન દરમિયાન વિરોધ પક્ષના વ્યવહારની ટીકા કરી. તેમણે કહ્યું, ગત સત્રોમાં પણ વિરોધ પક્ષે આવી જ રીતે ગૃહની કાર્યવાહીમાં અવરોધ સર્જ્યો હતો.

**(BYTE: J. P. NADDA, UNION HEALTH MINISTER)**

શ્રી નડ્ડાએ કહ્યું, ગત વર્ષે સપ્ટેમ્બરમાં ચૂંટણીલક્ષી સુધારાઓ અને અવકાશ કાર્યક્રમ પર ચર્ચા દરમિયાન વિરોધ પક્ષે ગૃહમાંથી વૉક-આઉટ કર્યું હતું. તેમણે કહ્યુ, વિરોધ પક્ષે “ઑપરેશન સિન્દુર” અને પહલગામ આતંકવાદી હુમલા તથા વક્ફ ખરડા અંગે ચર્ચા દરમિયાન પણ વૉકઆઉટ કર્યું હતું, જે સંસદીય લોકશાહી માટે યોગ્ય નથી.

આ પહેલા કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું, પશ્ચિમ એશિયા સંઘર્ષના કારણે દેશની આર્થિક સ્થિરતાને અસર થશે અને ત્યાં કામ કરતા ભારતીય નાગરિકોની સુરક્ષા તથા આજીવિકા જોખમમાં મુકાશે. શ્રી ખડગેએ “ભારતની ઉર્જા સુરક્ષા માટે ઉભરતા પડકારો” અંગે ટૂંકાગાળાની ચર્ચાની માગ કરતા એક પ્રસ્તાવ દરમિયાન આ વાત કહી હતી.

# LS NIRMALA INFLATION

સરકારે ફૂગાવાને કાબૂમાં રાખવા અને સામાન્ય નાગરિકોને રાહત આપવા રાજકોષીય, વેપાર નીતિ અને વહીવટી પગલાં લીધા છે. લોકસભામાં આજે લેખિત જવાબમાં નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, વૈશ્વિક કાચા તેલની કિંમતમાં વધારાનો ફૂગાવા પર મધ્યમ ગાળાની અસર અનેક પરિબળ પર નિર્ભર કરે છે. તેમાં વિનિમય દરમાં વધારો-ઘટાડો, વૈશ્વિક માગ અને પૂરવઠાની સ્થિતિ, નાણાકીય નીતિનું પ્રવાહન તથા પરોક્ષ અસરની હદનો સમાવેશ થાય છે.

નાણામંત્રીએ ગયા મહિનાની 27 તારીખે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થતા પહેલા સુધી વૈશ્વિક બજાર અને ભારતીય બાસ્કેટ બંનેમાં કાચા તેલની કિંમત ગત એક વર્ષથી સતત ઘટી રહી હતી.

# FIH HOCKEY

હૈદરાબાદમાં આંતર-રાષ્ટ્રીય હૉકી મહામંડળ – F.I.H. વિશ્વકપ મહિલા હૉકી ક્વાલિફાયરના પૂલ બી-ની બીજી મેચ આજે ભારત અને સ્કૉટલૅન્ડ વચ્ચે રમાઈ રહી છે. ગઈકાલે ભારતીય ટીમે ઉરુગ્વે સામે ચાર શૂન્યથી જીત મેળવી હતી.

હૈદરાબાદમાં રમાનારી આ ટૂર્નામેન્ટ મહિલા હૉકી વિશ્વકપની બે ક્વાલિફાઈંગ ટૂર્નામેન્ટમાંથી પહેલી છે. જયારે બીજી ટૂર્નામેન્ટ ચિલિના સેન્ટિયાગોમાં ચાલી રહી છે. બંને ટૂર્નામેન્ટમાં પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાન પર રહેનારી ટીમ આ વર્ષે બેલ્જિયમ અને નેધરલૅન્ડ્સમાં સંયુક્ત રીતે રમાનારા મહિલા હૉકી વિશ્વકપ માટે સીધી ક્વાલિફાય થશે.

# JHARKHAND MAOISTS ARRESTED

ઝારખંડના ગિરિડીહ જિલ્લાના બેન્ગાબાદ વિસ્તારમાં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી – માઓવાદીના બે નક્સલવાદીની ધરપકડ કરવામાં આવી. બિહાર વિશેષ કાર્યદળ - STF અને સ્થાનિક પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને પંકજ યાદવ અને પવન સિંહને પકડ્યા છે. આ બંને સામે નક્સલવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા કેસ નોંધાયેલા છે.

પોલીસના જણાવ્યા મુજબ, ઘણા સમયથી ફરાર બંને નક્સલવાદી મંઝલાટોલ ગામમાં છૂપાયા હતા. બિહાર STF બંનેને આગળની કાર્યવાહી માટે સાથે લઈ ગઈ છે.

# REV G7 EMERGENCY MEET

ઈરાન સાથે અમેરિકા અને ઇઝરાયેલનો સંઘર્ષ તીવ્ર થવાથી કાચા તેલની વધતી કિંમત અંગે ચર્ચા કરવા આજે જી-સાત દેશે ઇમરજન્સી બેઠક બોલાવી. બ્રિટનનાં નાણામંત્રી રૅચલ રિવ્ઝ સહિત મુખ્ય દેશોનાં નાણામંત્રીએ સતત વધી રહેલા સંઘર્ષની આર્થિક અસર અંગે ચર્ચા કરી.

હૉર્મૂઝ સામુદ્ર-ધુની એટલે કે, બે સમુદ્રને જોડતી સમુદ્રની સાંકડી પટ્ટીના માર્ગે કાચા તેલના પૂરવઠામાં લાંબાગાળાના વિક્ષેપની આશંકાને કારણે વૈશ્વિક બજારમાં કાચા તેલની કિંમત અંદાજે 120 ડૉલર પ્રતિ બૅરલ સુધી પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે, જી–સાત એ કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, બ્રિટન અને અમેરિકા સહિત મુખ્ય ઔદ્યોગિક દેશનું સમૂહ છે અને તેમાં યુરોપિયન સંઘ પણ સામેલ છે.